મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૦૪-૦૪-૨૦૨૬
શનિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૩૪૭
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર ક્લીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

### મુક્ત, નિષ્પક્ષ અને પારદર્શક ચૂંટણીઓ યોજવા તેમજ આદર્શ આચારસંહિતાના કડક અમલ પર ભાર મૂકતા જિલ્લા ચૂંટણી અધિકારી

# મહેસાણા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે તંત્ર સજ્જ

**એપ્રિલ-૨૦૨૬માં યોજાનાર મહાનગરપાલિકા, તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણીલક્ષી કામગીરી માટે નોડલ અધિકારીઓ અને ચૂંટણી અધિકારીઓ સાથે વિસ્તૃત સમીક્ષા કરાઈ**

(ગરવી તાકાત) મહેસાણા તા.૨

આગામી સમયમાં મહેસાણા જિલ્લામાં યોજાનાર મહાનગરપાલિકા, તાલુકા-જિલ્લા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓને અનુલક્ષીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સઘન અને સુવ્યવસ્થિત તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. આ સંદર્ભે કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી એસ.કે.પ્રજાપતિના અધ્યક્ષસ્થાને ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી સંભાળતા નોડલ અધિકારીઓ અને ચૂંટણી અધિકારીઓની એક સમીક્ષા બેઠક યોજાઈ હતી.



આ બેઠકમાં માર્ગદર્શન આપતા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ જણાવ્યું હતું કે, એપ્રિલ–૨૦૨૬ દરમિયાન યોજાનારી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની આ ચૂંટણીઓ મુક્ત, નિષ્પક્ષ અને પારદર્શક રીતે સંપન્ન થાય તે અત્યંત જરૂરી છે. આ માટે તમામ વિભાગો દ્વારા સુચારુ સંકલન સાથે સમયબદ્ધ અને જવાબદારીપૂર્ણ કામગીરી કરવી અનિવાર્ય છે. તેમણે ચૂંટણી પ્રક્રિયા દરમિયાન આદર્શ આચારસંહિતાનો કડક અને અસરકારક અમલ સુનિશ્ચિત કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો.

આ બેઠક દરમિયાન નિવાસી અધિક કલેક્ટરશ્રી જશવંત કે જેગોડાએ વહીવટી અને સુરક્ષાના ભાગરૂપે મેનપાવર મેનેજમેન્ટ, ઈવીએમ (ઈફ્સ) વ્યવસ્થાપન, મતદાન મથકો પર જરૂરી સુવિધાઓ, પરિવહન અને સામગ્રી વ્યવસ્થાપન, ખર્ચ મોનિટરિંગ, ચૂંટણી નિરીક્ષકો સાથે સંકલન તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા જેવા મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી હતી. આ ઉપરાંત મતપત્રો, ડમી મતપત્રો અને પોસ્ટલ બેલેટના છાપકામ અને તેના વ્યવસ્થાપન અંગે પણ જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા.

અંતમાં, ચૂંટણી પ્રક્રિયામાં જોડાનાર પોલિંગ સ્ટાફના વેલ્ફેર, દિવ્યાંગ તેમજ સ્થળાંતરિત મતદારો માટેની ખાસ વ્યવસ્થાઓ, કસ્ટમાઈઝ્ડ કિટ અને તાલીમ આયોજન અંગે પણ નોડલ અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ સમીક્ષા બેઠકમાં ચૂંટણીલક્ષી વિવિધ કામગીરી સંભાળતા તમામ નોડલ અધિકારીઓ, ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સિક્યુરિટી ગાર્ડ રાધેશ્યામ વિશ્વકર્મા ગંભીર રીતે ઘવાયા : સારવાર દરમિયાન નિધન, ચાલક ફરાર

## પૂરઝડપે દોડતા વાહનનો કાળો કહેર : મહેસાણા હાઈવે પર પિકઅપની ટક્કરથી એક્ટિવા ચાલકનું કરૂણ મોત

(ગરવી તાકાત) મહેસાણા તા.૩

મહેસાણા શહેરના રાધનપુર ચોકડીથી મોઢેરા સર્કલ વચ્ચે આવેલા હાઈવે પર ગત બપોરે ભયાનક માર્ગ અકસ્માત સર્જાતા એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. પૂરઝડપે આવી રહેલા પિકઅપ ડાલાએ એક્ટિવાને અડફેટે લેતા ખાનગી કંપનીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા રાધેશ્યામ વિશ્વકર્મા (સુથાર) ગંભીર રીતે ઘવાયા હતા.

મળતી માહિતી મુજબ મૂળ ભાન્ડુ ગામના વતની અને હાલ મહેસાણા કસ્બા પોલીસ ચોકી સામે રહેતા રાધેશ્યામભાઈ વિમલ ડેરીમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરતા હતા. ગત બપોરે તેઓ પોતાનું એક્ટિવા (નંબર: **GJ-02-AM-0790**) લઈને રાધનપુર ચોકડીથી મોઢેરા સર્કલ તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન પિકઅપ ડાલા (નંબર: **GJ-15-**



**AX-7484**) ના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી તેમની એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી.

અકસ્માતમાં રાધેશ્યામભાઈને માથાના ભાગે ગંભીર અને જીવલેણ ઈજાઓ પહોંચી હતી. બનાવની જાણ થતા જ તેમના પુત્ર શિવકુમાર સહિત પરિવારજનો તાત્કાલિક હોસ્પિટલ પહોંચી ગયા હતા. ઈજાગ્રસ્તને મહેસાણા સિવિલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

આ બનાવ અંગે મૃતકના પુત્ર દ્વારા પિકઅપ ડાલાના ચાલક વિરુદ્ધ મહેસાણા શહેર બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી ફરાર ચાલકની શોધખોળ હાથ ધરી આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

### સગા મોટાબાપા સહિત બે શખસ વિરુદ્ધ ફરિયાદ—ઘાયલ યુવતીની હાલત ગંભીર

## પ્રેમલગ્નની અદાવતમાં ખૂનખરાબો : કડી તાલુકાના કાસ્વા ગામે યુવતી પર તલવારથી જીવલેણ હુમલો

(ગરવી તાકાત) મહેસાણા તા.૩

કડી તાલુકાના કાસ્વા ગામમાં પ્રેમલગ્નની જૂની અદાવત રાખીને એક યુવતી પર તેના જ સગા મોટાબાપા સહિત બે શખસો દ્વારા ધોળા દિવસે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ચકચારી ઘટના સામે આવી છે. હુમલાખોરોએ યુવતીને વાળ પકડી ઢસડી, લાકડાના ધોકાથી માર મારી અને ત્યારબાદ તલવારના ઘા ઝીંકી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

પોલીસ ફરિયાદ મુજબ, કાસ્વા ગામના ઠાકોરવાસમાં રહેતા ગીતાબેન મકવાણાના નાના દીકરા સોહિલે ગામના નટવરલાલ પટેલની પુત્રી પ્રાચી સાથે પ્રેમલગ્ન કર્યા હતા.



**લોહીલુહાણ હાલતમાં પ્રાચીને તાત્કાલિક કડીની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તલવારના ઊંડા ઘા હોવાને કારણે તાત્કાલિક ઓપરેશન કરવાની જરૂરિયાત ઉભી થઈ હતી. હાલ યુવતીની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.**

ગત ૨૮ જૂન ૨૦૨૫ના રોજ કોર્ટ મેરેજ કર્યા બાદ દંપતી અમદાવાદ રહેવા ગયું હતું, પરંતુ છેલ્લા પાંચ મહિનાથી તેઓ ફરી વતનમાં આવી પરિવાર સાથે રહેતા હતા. આ લગ્નથી નારાજ પ્રાચીના મોટાબાપા બિપિન નટવરલાલ પટેલ મનમાં અદાવત રાખતા હતા.

ઘટનાના દિવસે ગીતાબેન, તેમની પુત્રવધૂ પાયલ અને પ્રાચી દુકાન પાસે સાડીઓ વેચી રહ્યા હતા ત્યારે બિપિન પટેલ અને રમેશ ઉર્ફે ડેની નાડીયા ત્યાં ધસી આવ્યા હતા. બિપિન પટેલે પ્રાચીના વાળ પકડી તેને નીચે પાડી ઢસડી હતી અને લાકડાના ધોકાથી આડેધડ માર માર્યો હતો. બચાવવા જતા ગીતાબેન અને પાયલને પણ ધક્કા મારી પછાડી દેવામાં આવ્યા હતા.

આ દરમિયાન રમેશ ઉર્ફે ડેનીએ ખુલ્લી તલવાર વડે પ્રાચીના બંને પગના ભાગે ગંભીર ઘા ઝીંકી દીધા હતા.

હુમલા બાદ બંને આરોપીઓએ ધમકી આપી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

લોહીલુહાણ હાલતમાં પ્રાચીને તાત્કાલિક કડીની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં તલવારના ઊંડા ઘા હોવાને કારણે તાત્કાલિક ઓપરેશન કરવાની જરૂરિયાત ઉભી થઈ હતી. હાલ યુવતીની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

### રોડ ક્રોસ કરતા કિસ્મતને અડફેટે લેતા કરુણ અંત-પરિવારમાં શોકની લાગણી

## ગમખ્વાર અકસ્માતે એક નિર્દોષનો ભોગ લીધો : મહેસાણામાં કારની ટક્કરે ૭ વર્ષીય બાળકનું મોત

(ગરવી તાકાત) મહેસાણા તા.૩

મહેસાણા નજીક આવેલી રામનગર સોસાયટીના નાકે ગમખ્વાર માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં રોડ ક્રોસ કરી રહેલા ૭ વર્ષીય કિસ્મત નામના બાળકને કારચાલકે અડફેટે લેતા તેનું કરુણ મોત નીપજ્યું છે. આ બનાવને પગલે દેવીપૂજક પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે.

મળતી માહિતી મુજબ મૂળ પાટણ જિલ્લાના ખોડસમ ગામના વતની અને હાલ મહેસાણાના પિલવાઈ ખાતે રહેતા રવિભાઈ દેવીપૂજકનો પરિવાર રામનગર ખાતે રહેતા તેમના ભાઈના ઘરે રોકાવા માટે આવ્યો હતો. પાંચ દિવસના રોકાણ બાદ ગત રોજ રવિભાઈની પત્ની અને તેમનો સાત વર્ષનો પુત્ર કિસ્મત પરત પિલવાઈ જવા માટે નીકળ્યા હતા.

આ દરમિયાન રામનગર સોસાયટીના નાકે રોડ ક્રોસ કરતી



વેળાએ પૂરપાટ ઝડપે આવી રહેલી જીજે-૦૯-છઉ-૧૪૫૮ નંબરની કારના ચાલકે બાળકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં બાળકને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

માનવતા દાખવી કાર ચાલકે જ ઈજાગ્રસ્ત બાળકને પોતાની ગાડીમાં બેસાડી તાત્કાલિક મહેસાણા સિવિલ હોસ્પિટલ પહોંચાડ્યો હતો, પરંતુ ત્યાં ફરજ પરના તબીબોએ તપાસ બાદ બાળકને મૃત જાહેર કર્યો હતો. પોતાના લાડકવાયા પુત્રના અચાનક મોતના સમાચાર મળતા જ પરિવારજનો પર આભ ફાટી પડ્યું હતું.

આ બનાવ અંગે બાળકના પિતા રવિભાઈ દેવીપૂજકે મહેસાણા તાલુકા પોલીસ મથકમાં કારચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### કમોસમી વરસાદથી હવામાનમાં પલટો

## ઊંઝા શહેરમાં અચાનક વરસાદી ઝાપટાં-વેપારીઓમાં ચિંતા વધી



(ગરવી તાકાત) મહેસાણા તા.૩

ઊંઝા શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક હવામાનમાં પલટો આવતા કમોસમી વરસાદ વરસ્યો હતો. છૂટાછવાયા વરસાદી ઝાપટાં પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને લોકોને ગરમીમાંથી થોડી રાહત મળી હતી.આ કમોસમી વરસાદને કારણે ઊંઝા ગંજબજારમાં વેપારીઓમાં ચિંતા ફેલાઈ હતી. વરસાદના કારણે કૃષિમાલ ભીંજાઈ ન જાય તે માટે વેપારીઓએ તાત્કાલિક તાડપત્રી વડે માલને ઢાંકી સુરક્ષિત કરવાનો પ્રયાસ કર્યો હતો.

સાંજના સમયે આવેલા આ વરસાદને કારણે શહેરના માર્ગો પર પાણી ફરી વળ્યા હતા અને ઠંડકનો અનુભવ થયો હતો. જોકે આ બદલાયેલા હવામાનથી ખેડૂતો અને વેપારીઓમાં પાકને નુકસાન થવાની ભીતિ પણ વ્યક્ત થઈ રહી છે.

### વન્યજીવ પ્રેમીઓની સતર્કતાથી અજગરનો જીવ બચ્યો

## મહેસાણા નજીક આવેલા લાખવડ ગામે પાઈપમાં ફસાયેલા વિશાળ અજગરનું સફળ 'રેસ્ક્યુ'

**સંસ્થાઓની તત્પર કામગીરીથી અજગરને તારંગાના જંગલોમાં સુરક્ષિત મુક્તિ**

(ગરવી તાકાત) મહેસાણા તા.૩

મહેસાણા નજીક આવેલા લાખવડ ગામે વન્યજીવ પ્રેમીઓની સતર્કતા અને સેવાભાવી સંસ્થાઓની તત્પર કામગીરીને કારણે એક વિશાળ અજગરનો જીવ બચાવી તેને કુદરતી આવાસમાં સુરક્ષિત રીતે છોડવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ લાખવડ ગામના ખેડૂત દિનેશજી ઠાકોરના ખેતરમાં પાણીની પાઈપ લાઈનમાં એક અજગર ફસાઈ ગયો હતો. ખેતરમાં કામ દરમિયાન આ બાબત ધ્યાનમાં આવતા તાત્કાલિક મહેસાણાની સેવાભાવી સંસ્થાઓ 'સદભાવના ફાઉન્ડેશન' અને 'નિજાનંદ ગ્રુપ પ્રકૃતિ મંડળ પરિવાર'નો સંપર્ક કરવામાં આવ્યો હતો.



વન્યજીવોના સંરક્ષણ માટે જાણીતી આ બંને સંસ્થાઓના સભ્યો તુરંત સ્થળ પર પહોંચી ગયા હતા અને ભારે જહેમત બાદ પાઈપમાં ફસાયેલા અજગરને સલામત રીતે બહાર કાઢવામાં સફળ રહ્યા હતા.

રેસ્ક્યુ કર્યા બાદ અજગરને તેની સુરક્ષા અને ખોરાકની અનુકૂળતા ધ્યાનમાં રાખીને તારંગાના ગાઢ જંગલોમાં મુક્ત કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે 'સદભાવના ફાઉન્ડેશન' અને 'નિજાનંદ ગ્રુપ પ્રકૃતિ મંડળ પરિવાર' વર્ષોથી મહેસાણા જિલ્લામાં નિઃસ્વાર્થ ભાવે કાર્યરત રહી વન્યજીવોના સંરક્ષણ માટે મહત્વપૂર્ણ કામગીરી કરી રહ્યા છે. રહેણાંક તેમજ ખેતીવાડી વિસ્તારોમાં આવી જતા સરીસૃપોને કોઈ ઈજા પહોંચાડ્યા વગર પકડીને તેમને કુદરતી આવાસમાં પરત મૂકવાની તેમની કામગીરી પ્રશંસનીય છે.

આ સેવાકીય કામગીરીને સ્થાનિક ગ્રામજનો તથા પ્રકૃતિપ્રેમીઓ દ્વારા બિરદાવવામાં આવી હતી.




# પરસ્પર નિર્ભર ભારત અને ગલ્ફ દેશો

મે ૧૯૮૧ માં, ભારતના વડા પ્રધાન ઈન્દિરા ગાંધીએ સંયુક્ત આરબ અમીરાતના તત્કાલીન રાષ્ટ્રપતિ શેખ ઝાયેદ બિન મોહમ્મદના આમંત્રણ પર આ ગલ્ફ દેશની મુલાકાત લીધી હતી. લગભગ ૪૫ વર્ષ પહેલાં થયેલી આ બેઠકમાં, બંને નેતાઓ સંમત થયા હતા કે ગલ્ફ ક્ષેત્ર અને ભારતની સુરક્ષા અને સુખાકારી એકબીજા સાથે જોડાયેલી છે. સમય જતાં, બંને પ્રદેશોની સુરક્ષા અને એકંદર સુખાકારી એકબીજા પર આધારિત છે તેવી માન્યતા વધુ મજબૂત બની છે. જ્યારે ઈરાન યુદ્ધે સમગ્ર પ્રાદેશિક પરિદૃશ્ય બદલી નાખ્યું છે, ત્યારે આ દૃષ્ટિકોણ વધુ સુસંગત બન્યો છે.

અરબી દ્વીપકલ્પ છ મુખ્ય દેશોનું ઘર છેઃ સાઉદી અરેબિયા, કુવૈત, બહેરીન, કતાર, યુએઈ અને ઓમાન. આ પ્રદેશમાં દક્ષિણ એશિયાઈ દેશોમાંથી મોટી સંખ્યામાં વિદેશીઓ વસે છે. ભારતીયો સૌથી મોટી વસ્તી ધરાવે છે, જેની સંખ્યા ૯ મિલિયનથી ૧૦ મિલિયનની વચ્ચે છે. પાકિસ્તાનીઓ અને બાંગ્લાદેશીઓની સંખ્યા પણ ૫ મિલિયનથી વધુ છે. નેપાળ અને શ્રીલંકાના લાખો લોકો પણ અહીં હાજર છે. આ લોકો આ દેશોની અર્થવ્યવસ્થામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, વ્યાવસાયિક, કારોબારી અને વ્યવસ્થાપક ભૂમિકાઓથી લઈને અર્ધ-કુશળ અને સામાન્ય શ્રમ સુધીની ભૂમિકાઓમાં કામ કરે છે. એવું કહેવું વાજબી રહેશે કે જ્યારે યુરોપિયન વિદેશીઓ પણ ગલ્ફ દેશોમાં રહે છે, ત્યારે તેમનું કામ દક્ષિણ એશિયનો, ખાસ કરીને ભારતીયો વિના શક્ય ન હોત.

ભારતીયોની કાર્ય-સંબંધિત કુશળતા અને આત્મવિશ્વાસ તેમને આ દેશોમાં વ્યાપકપણે સ્વીકાર્ય બનાવે છે. ગલ્ફ દેશોને સ્થળાંતર કરનારાઓની એટલી જ જરૂર છે જેટલી તેમને તેમની જરૂર છે, કારણ કે તેઓ તેમના વતન દેશોમાં મોટી રકમ પાછા મોકલે છે. આ નાણાં, જેને રેમિટન્સ કહેવામાં આવે છે, તે આ દેશોની મેક્રોઈકોનોમિક સ્થિરતાને સંતુલિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને તેમને બાહ્ય આંચકાઓથી સુરક્ષિત રાખે છે. આ નાણાં ભારતના ચાલુ ખાતામાં નોંધપાત્ર ફાળો આપે છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિમાં, તે પાકિસ્તાન માટે અસ્તિત્વનો ખતરો ઉભો કરી શકે છે, જે પહેલાથી જ નાજુક અર્થતંત્ર ધરાવે છે. રાજકીય ઉથલપાથલથી પ્રભાવિત બાંગ્લાદેશ માટે પણ રેમિટન્સ વધુને વધુ મહત્વપૂર્ણ બન્યું છે. મેક્રોઈકોનોમિક સ્થિરતા ઉપરાંત, ગલ્ફ દેશોમાં કામ કરતા લોકો દ્વારા મોકલવામાં આવતા રેમિટન્સ તેમના પરિવારો માટે પણ મહત્વપૂર્ણ છે, કારણ કે મોટાભાગના પરિવારોની યોજનાઓ આ રેમિટન્સ પર આધાર રાખે છે. તેમના વિના, તેમના પરિવારોનું ભવિષ્ય જોખમમાં મુકાઈ શકે છે.

રેમિટન્સ ઉપરાંત, ગલ્ફ દેશો ભારતની ઊર્જા સુરક્ષા માટે પણ મહત્વપૂર્ણ છે. પાકિસ્તાન અને અન્ય દક્ષિણ એશિયાઈ દેશો માટે તેમનું મહત્વ વધુ છે. આનું કારણ એ છે કે ભારત તેની ક્રૂડ ઓઈલ અને ગેસની જરૂરિયાતોના અડધાથી વધુ આ દેશોમાંથી આયાત કરે છે, પરંતુ તેણે તેની તેલ આયાતને અન્ય સ્રોતો, જેમ કે યુએસ અને યુરોપિયન દેશો તરફ વૈવિધ્યસભર બનાવી છે. આ થોડા વધુ ખર્ચાળ હશે, પરંતુ ઓછામાં ઓછા તે ઉપલબ્ધ રહેશે. હોર્મુઝ સ્ટ્રેટના અવરોધથી દક્ષિણ એશિયાઈ દેશો તેમજ બાકીના વિશ્વની સમસ્યાઓમાં વધારો થયો છે. પાકિસ્તાન માટે સમસ્યા એ છે કે તે સાઉદી અરેબિયા અને યુએઈ પાસેથી ઉધાર પર તેલ મેળવે છે, જે તે અન્ય દેશો પાસેથી મેળવી શકતો નથી. ચુકવણીના કિસ્સામાં આનાથી પહેલાથી જ સંઘર્ષ કરી રહેલા પાકિસ્તાની અર્થતંત્ર પર વધુ ભાર આવશે. ખાતરોના પુરવઠામાં સંભવિત વિક્ષેપથી કૃષિ આધારિત દક્ષિણ એશિયાઈ દેશોની ચિંતાઓ પણ વધી છે.

ગલ્ફ દેશો ભારત તેમજ અન્ય દક્ષિણ એશિયાઈ દેશો માટે મહત્વપૂર્ણ છે. ગલ્ફ દેશોમાં ભારતની નિકાસ તેની કુલ નિકાસનો મોટો હિસ્સો ધરાવે છે. ઈરાન યુદ્ધે આને અસર કરી છે. દુબઈ બંદર ઘણા નિકાસ સ્થળો માટે એક ટ્રાન્ઝિટ પોઈન્ટ પણ છે. ગલ્ફ ક્ષેત્ર ભારત સહિત ઘણા દક્ષિણ એશિયાઈ દેશો માટે રોકાણનો એક મહત્વપૂર્ણ સ્રોત પણ છે. ભારતીયો અને અન્ય દક્ષિણ એશિયાઈ લોકોએ પણ ગલ્ફ દેશોમાં ભારે રોકાણ કર્યું છે. આ યુદ્ધે તેમના પર શંકાનો પડછાયો નાખ્યો છે. આ અર્થમાં, બંને પક્ષોના પરસ્પર જોડાયેલા હિતો વિશે દાયકાઓ પહેલા ઈન્દિરા ગાંધી અને શેખ ઝાયેદે જે કહ્યું હતું તે એકદમ સાચું હતું.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## ઓવૈસીએ આગામી ચૂંટણીઓમાં ભાજપની સંભવિત લીડના દાવાઓને ફગાવી દીધા

ગોવાહાટી,તા.૩

એઆઈએમઆઈએમના વડા અસદુદ્દીન ઓવૈસીએ આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાના કથિત બુલડોઝર જેવા કાર્યોની ટીકા કરતા કહ્યું કે આગામી વિધાનસભા ચૂંટણીઓ દ્વારા તેમને સ્પષ્ટ સંદેશ આપવો જોઈએ.ઓવૈસીએ કહ્યું કે વર્તમાન પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક છે અને મુસ્લિમ સમુદાયના નેતૃત્વને મજબૂત બનાવવું આ સમયે જરૂરી છે.યુઆઈયુડીએફને મજબૂત બનાવવાની અપીલ કરતા તેમણે કહ્યું કે લોકશાહીમાં, ફક્ત સૂત્રોચ્ચાર પૂરતા નથી; મત જ જવાબ છે. તેમણે મતદારોને એકતામાં રહેવા અપીલ કરતા કહ્યું કે, "તમારો મત લોકશાહીમાં સૌથી શક્તિશાળી હથિયાર છે. તેનો ઉપયોગ તમારા વિવેક અને રાજકીય સમજણથી કરો." ઓવૈસીએ ચૂંટણીમાં ભાજપની સંભવિત લીડના દાવાઓને પણ ફગાવી દીધા, અને કહ્યું કે તેમનો ધ્યેય એ છે કે મહત્તામ એઆઈયુડીએફ ઉમેદવારો વિધાનસભા સુધી પહોંચે.એઆઈયુડીએફ સમર્થકોએ આસામની મુલાકાતે આવેલા ઓવૈસીનું એરપોર્ટ પર સ્વાગત કર્યું. પાર્ટીના કાર્યકરોએ સૂત્રોચ્ચાર કર્યા અને પરંપરાગત આસામી સ્કાર્ફ પહેરીને તેમનું સ્વાગત કર્યું.

રેલીમાં ઓવૈસીએ કહ્યું કે આ મુદ્દો કોઈ એક નેતાનો નથી, પરંતુ વિધાનસભામાં લોકોનો અવાજ કોણ ઉઠાવશે તેનો છે.

# ગુજરાતમાં વસતિ ગણતરી પ્રક્રિયા પાછી ઠેલાઇ

## ચૂંટણી કામગીરીને કારણે અસર થાય તેમ હોવાથી સરકારનો નિર્ણય : ૫ એપ્રિલના બદલે હવે પછી નવી તારિખ જાહેર કરાશે

ગાંધીનગર, તા.૩

ગુજરાતમાં ૧૫ કોર્પોરેશન, ૮૪ નગરપાલિકા, ૩૪ જીલ્લા પંચાયત તથા ૨૬૦ તાલુકા પંચાયતોની ચૂંટણી જાહેર થઈ છે અને રાજ્યનું મોટાભાગનું વહીવટીતંત્ર તેની તૈયારીમાં ગળાડૂબ બન્યું છે. જેને પગલે પાંચ એપ્રિલથી શરૂ થનારી પ્રથમ તબકકાની વસતિ ગણતરીની પ્રક્રિયા સ્થગિત કરી દેવામાં આવી છે.

ચૂંટણી કામગીરીને કારણે વસતી ગણતરીની કામગીરીને અસર થાય તેમ હોવાની દલીલ સાથે કામગીરી પાછી ઠેલવા દરખાસ્ત કરી હતી તે સરકાર દ્વારા મંજુર કરી દેવામાં આવી છે.ગુજરાતમાં ૫ મી એપ્રિલથી શરૂ થનારી વસતિ ગણતરી પાછી ઠેલાઈ છે. નવી તારીખ હવે પછી જાહેર કરાશે. રાજ્યમાં પહેલાં ઓનલાઈન વસતિ ગણતરી ૫ એપ્રિલથી શરૂ થવાની હતી અને ૨૦મી તારીખથી હાઉસ લિસ્ટિંગ થવાનું હતું.દરમિયાનમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના કારણે વસતિ ગણતરીની કામગીરીને અસર પહોંચે તેમ હોવાથી જનગણના વિભાગે આ કામગીરીને લંબાવવા માટે સરકારમાં દરખાસ્ત કરી હતી. જે દરખાસ્તને સરકારે મંજૂરીની મ્હોર મારી દીધી છે.



દેશમાં વસતિ ગણતરીનો પ્રથમ તબક્કો ૧ એપ્રિલથી શરૂ થયો છે. જે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી ચાલશે. પ્રથમ તબક્કામાં 'હાઉસ લિસ્ટિંગ' એટલે કે મકાનોની ગણતરી થશે. બીજો તબક્કો ફેબ્રુઆરી ૨૦૨૭માં થશે. તેમાં લોકોને તેમની જાતિ પૂછવામાં આવશે.

આઝાદી પછી પહેલીવાર જાતિનો ડેટા એકત્રિત કરવામાં આવશે. આ પહેલા ૧૯૩૧માં આવું થયું હતું. વસતિ ગણતરી દરમિયાન તમને કુલ ૩૩ પ્રશ્નો પૂછાશે. આ વસતિ ગણતરીમાં કયા પ્રકારના સવાલો પૂછવામાં આવશે તે અંગે સોશિયલ મીડિયામાં ધૂમ મેસેજો વાયરલ થઈ રહ્યાં હતા.

જો કે ગુજરાત સરકારે આ કાર્યક્રમને મોકૂફ રાખવાનું નોટિફિકેશન બહાર પાડતાં જ સમગ્ર ચર્ચા પર હાલ પૂરતું પૂર્ણવિરામ મૂકાઈ ગયું છે. દેશમાં પહેલીવાર વસતિ ગણતરી સંપૂર્ણપણે ડિજિટલ માધ્યમથી થશે.

કર્મચારીઓ મોબાઈલ એપથી ડેટા સીધા તેમના સ્માર્ટફોન પર એકત્રિત કરશે. પહેલાં વસતિ ગણતરીના આંકડા કાગળ પર નોંધવામાં આવતા હતા અને પછી તેમને ડિજિટાઇઝ કરવામાં આવતા હતા. આમાં ઘણો સમય લાગતો હતો.

મકાનોની ગણતરીમાં જિયો-રેફરન્સિંગ ટેકનિકનો ઉપયોગ થશે. દરેક ઘરનું લોકેશન ડિજિટલ મેપ પર નોંધવામાં આવશે. જેથી કોઈ મકાન છૂટી ન જાય અને કોઈની ફરીથી ગણતરી ન થાય.

### જેતપુરના ચાંપરાજપુર રોડ પર દીપડાનો આતંક : ખેતરમાં દવા છાંટતા ખેડૂત પર હુમલો

## કેનાલ પાસેની સીમમાં બપોરના સમયે હિંસક પશુ ત્રાટકતા ખેડૂતોમાં ફફડાટઃ ઈજાગ્રસ્ત ખેડૂત સિવિલ હોસ્પિટલમાં દાખલ

(ગરવી તાકત) જેતપુર તા.૩

જેતપુર પંથકમાં વન્ય પ્રાણીઓના રહેણાંક વિસ્તારમાં આંટાફેરા વધતા ખેડૂતોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. આજે બપોરના સમયે જેતપુરના ચાંપરાજપુર રોડ પર કેનાલ પાસે આવેલી સીમમાં ખેતરમાં દવા છાંટી રહેલા એક ૪૫ વર્ષીય ખેડૂત પર દીપડાએ ઓચિંતો હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. સદનસીબે, ખેડૂતે બહાદુરી પૂર્વક પ્રતિકાર કરતા દીપડો ભાગી છૂટ્યો હતો, પરંતુ હુમલામાં ખેડૂતને શરીરે ઈજાઓ પહોંચી છે.પ્રાપ્ત વિગતો મુજબ, જેતપુરના રહેવાસી જમનભાઈ ભીખાભાઈ અમીપરા (ઉં.વ. ૪૫) આજે બપોરના સમયે ચાંપરાજપુર રોડ પર આવેલ પોતાના ખેતરમાં



તલના પાકમાં દવા છાંટી રહ્યા હતા. આ દરમિયાન અચાનક તલમાં સૂતેલો એક દીપડો ધસી આવ્યો હતો અને જમનભાઈ પર હુમલો કર્યો હતો. દીપડાના પંજાથી જમનભાઈને ખભા અને હાથના ભાગે ઈજાઓ પહોંચી હતી. જોકે, જમનભાઈએ હિંમત હાર્યા વગર બૂમાબૂમ કરતા અને પ્રતિકાર કરતા દીપડો ત્યાંથી નાસી છૂટ્યો હતો.

ઘટના બાદ ઈજાગ્રસ્ત જમનભાઈને તાત્કાલિક જેતપુરની સરકારી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને પ્રાથમિક સારવાર આપી હતી. હુમલાના સમાચાર વાયુવેગે પ્રસરતા હોસ્પિટલ ખાતે સ્થાનિકો અને અન્ય ખેડૂતોના ટોળા એકઠા થયા હતા.

બનાવની જાણ થતા જ જેતપુર વન વિભાગની ટીમ હરકતમાં આવી હતી. ઈન્ચાર્જ રાઉન્ડ ફોરેસ્ટર જયાબેન રાઠોડ અને તેમની ટીમે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. વન વિભાગ દ્વારા દીપડાના પગમાર્ક મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે અને ખેડૂતોની સુરક્ષાને ધ્યાને રાખી હિંસક દીપડાને પાંજરે પૂરવા માટે તાત્કાલિક પાંજરું ગોઠવવાની કાર્યવાહી શરૂ કરી છે.

ભરબપોરે ખેતરમાં કામ કરતા ખેડૂત પર થયેલા આ હુમલાથી ચાંપરાજપુર રોડ અને આસપાસના ખેતીવાડી વિસ્તારના ખેડૂતોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. ખેડૂતોની માંગ છે કે દીપડાને વહેલી તકે પકડીને અન્યત્ર ખસેડવામાં આવે જેથી તેઓ નિર્ભય બનીને ખેતીકામ કરી શકે.

### વર્ષ ૨૦૨૫/૨૬માં ગુજરાતને રૂા.૮૧,૪૧૦ કરોડની આવક થઈ : ગત વર્ષ કરતા ૧૧ ટકા વધુ

## રાજયમાં સતત બીજા માસે જી.એસ.ટી. વિભાગની આવકમાં ૧૯ ટકાનો વધારો

(ગરવી તાકાત) અમદાવાદ તા.૩

ફેબ્રુઆરી બાદ સતત બીજા માસે માર્ચમાં રાજય જી.એસ.ટી. વિભાગની માસક આવકમાં ૧૯ ટકાનો વધારો થવા પામેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા ફેબ્રુઆરી-૨૦૨૬માં રાજયને જીએસટી હેઠળ રૂા.૭૫૯૮ કરોડની આવક થયેલ જે ગત વર્ષના સમાન સમયગાળામાં થયેલ આવક રૂા.૬૩૯૬ કરોડ કરતા ૧૯% ટકા વધુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી ૨૦૨૬માં રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો ગ્રોથ ૮% રહેલ છે.રાજયને ફેબ્રુઆરી ૨૦૨૬માં વેટ હેઠળ રૂા.૨૮૩૧ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ રૂા.૯૦૫ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ રૂા.૨૩ ક્રોડની આવક થયેલ છે. આમ, રાજય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ રૂા.૧૧૩૫૮ કરોડની આવક થયેલ હતી.

જયારે માર્ચ ૨૦૨૬માં રાજયને જીએસટી હેઠળ રૂા.૭૩૫૨ કરોડની આવક થયેલ છે જે ગત વર્ષના સમાન સમયગાળામાં થયેલ આવક રૂા.૬૧૯૦ કરોડ કરતા ૧૯ વધુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, માર્ચ ૨૦૨૬માં રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો ગ્રોથ ૮.૮% રહેલ છે.

રાજયને માર્ચ ૨૦૨૬માં વેટ



હેઠળ રૂા.૨૭૧૪ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ રૂા.૧૩૨૮ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ રૂા.૨૪ કરોડની આવક થયેલ છે. આમ, રાજય કર વિભાગને જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ રૂા.૧૧૪૧૮ કરોડની આવક થયેલ છે.

રાજયને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં જીએસટી હેઠળ રૂા.૮૧૪૧૦ કરોડ આવક થયેલ છે. જે ગત વર્ષની આવક કરતા ૧૧.૧% વધુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય કક્ષાએ જીએસટી આવકનો ગ્રોથ ૮.૩% રહેલ હતો.રાજયને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં વેટ હેઠળ રૂા.૩૨,૬૭૭ કરોડ, વિદ્યુત શુલ્ક હેઠળ રૂા.૧૨,૪૯૩ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ રૂા.૨૬૬ કરોડની આવક થયેલ છે. આમ, જીએસટી, વેટ, વિદ્યુત શુલ્ક અને વ્યવસાય વેરા થકી કુલ રૂા.૧,૨૬,૮૪૬ કરોડની આવક થયેલ હતી.

## ચૂંટણી પંચ ભાજપ સાથે મળીને કામ કરી રહ્યું છે,સપા પ્રમુખ અખિલેશ યાદવ

લખનૌ,તા.૩

સપા પ્રમુખ અખિલેશ યાદવે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં ચૂંટણી પંચની ભૂમિકા પર સવાલ ઉઠાવ્યા છે અને આરોપ લગાવ્યો છે કે કમિશન ભાજપ સાથે મળીને કામ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે અધિકારીઓએ ઉત્તર પ્રદેશ પેટાચૂંટણીમાં પણ ગેરરીતિઓ કરી હતી.

સપા પ્રમુખ અખિલેશ યાદવે કહ્યું કે ચૂંટણી પંચ પશ્ચિમ બંગાળ અને આસામ સહિત જે રાજ્યોમાં ચૂંટણી ચાલી રહી છે ત્યાં ભાજપ સાથે મળીને કામ કરી રહ્યું છે. બંગાળમાં, કમિશને ડીજીપી સહિત વરિષ્ઠ અધિકારીઓને દૂર કર્યા છે. ૨૦૨૨ ની ચૂંટણી દરમિયાન યુપીમાં ઘણા અધિકારીઓને દૂર કરવામાં આવ્યા ન હતા. અમે યુપી પેટાચૂંટણીઓમાં જોયું કે ગેરરીતિ કરનારા અધિકારીઓ પર હજુ સુધી કાર્યવાહી કરવામાં આવી નથી. ચૂંટણી પંચ કે સરકારે કોઈ કાર્યવાહી કરી નથી. ગુરુવારે સપા મુખ્યાલયમાં અખિલેશ યાદવ મીડિયાને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે બંગાળ અને આસામની ચૂંટણીઓ પૂર્ણ થયા પછી, ભાજપના નેતાઓ યુપીમાં આવશે, પરંતુ આ વખતે યુપીમાં પીડીએ સરકાર બનશે. ભાજપના નેતાઓએ સારા દિવસોનું વચન આપ્યું હતું. અમે કહીએ છીએ કે ભાજપ સરકાર યુપી છોડતા જ ખરાબ દિવસોનો અંત આવશે.આઈએએસ રિંકુ સિંહ રાહીના રાજીનામા અંગે અખિલેશ યાદવે કહ્યું કે રાજ્યમાં ભ્રષ્ટાચાર વ્યાપક છે. આવા અધિકારીઓ પીડીએ સરકાર બનાવવા માટે કામ કરવા જઈ રહ્યા છે.

# ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** તમને કોઈ અનુભવી વ્યક્તિનો સહયોગ મળશે, જેનાથી તમારા મનમાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા કોઈપણ સંઘર્ષનો અંત આવશે.કોઈપણ કામ ઉતાવળ અને બેદરકારીથી ન કરો.

**વૃષભ:** થોડો સમય મનોરંજનની પ્રવૃત્તિઓમાં પણ વિતાવો. તેનાથી માનસિક અને શારીરિક ઉર્જા જળવાઈ રહેશે. લાંબાગાળાની યોજનાઓ જે છેલ્લા કેટલાક સમયથી બનાવવામાં આવી રહી છે.

**મિથુન:** જો સ્થળાંતર સંબંધિત કોઈ વિચાર છે, તો કામમાં વિશેષ કાળજી લેવી જોઈએ, અને કોઈપણ લેણાં મળ્યા પછી નાણાકીય સ્થિતિમાં સુધારો થશે. કોઈ મિત્રની સલાહ લાભદાયક રહેશે.

**કર્ક:** છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા પારિવારિક વિવાદોના સમાધાનને કારણે ઘરમાં આરામ અને શાંતિનું વાતાવરણ રહેશે. અને તમે તમારા અંગત કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરી શકશો અને જલ્દીથી કોઈ પર વિશ્વાસ કરશો નહીં

**સિંહ:** આ સમયે ગ્રહોનું સંક્રમણ તમારી કાર્ય ક્ષમતા અને ક્ષમતામાં વધારો કરી રહ્યું છે. નજીકના લોકો સાથે મુલાકાતથી મનમાં પ્રસન્નતા રહેશે. પ્રવાસનો કાર્યક્રમ પણ બનશે જે સકારાત્મક રહેશે.

**કન્યા:** તમારા સંતુલિત વર્તનને કારણે સારી કે ખરાબ દરેક પરિસ્થિતિમાં યોગ્ય સંવાદિતા રહેશે. જેના કારણે તમારા કામનું સારું પરિણામ જોવા મળશે.ગુસ્સે થવાને બદલે કોઈની ભૂલ સમજીને ઉકેલવાનો પ્રયત્ન કરો

**તુલા:** નવા પ્રોજેક્ટ અને પ્રવૃત્તિઓમાં તમારી રુચિ વધશે. પ્રગતિના નવા આયામો પણ પ્રાપ્ત થશે. જો તમને તમારા બાળક તરફથી કોઈ સારા સમાચાર મળશે, તો તમે ખુશ થશો.

**વૃશ્ચિક:** ગ્રહોની સ્થિતિ સકારાત્મક હોવી જોઈએ. સ્ત્રીઓ માટે સમય ખૂબ જ અનુકૂળ છે. કાર્યોની જાગૃતિ તેમને સફળતા અપાવશે. નાના મહેમાનના આગમનના સારા સમાચાર આવા પરિવારમાં આનંદનું વાતાવરણ સર્જશે.

**ધનુ:** તમારી યોગ્ય કાર્યશૈલીને કારણે સમાજમાં તમારી ઓળખ થશે. અને સખત મહેનતનું સકારાત્મક પરિણામ પણ મળશે. જો પૈસા ક્યાંક અટવાયેલા હોય તો આજે પાછા આવવાની આશા રાખો.

**મકર:** પરિવારમાં સુવ્યવસ્થા જાળવવા માટે તમે બનાવેલા નિયમોને કારણે ઘરમાં સુવ્યવસ્થિત અને શિસ્તબદ્ધ વાતાવરણ રહેશે. કોઈપણ નકારાત્મક પ્રવૃત્તિને કારણે બાળકો બેચેન થઈ શકે છે.

**કુંભ:** કેટલાક સમયથી અટકેલા કાર્યો સરળતાથી ઉકેલી શકાય છે. માત્ર ઉતાવળમાં રહેવાને બદલે શાંતિથી મામલો પતાવવાનો પ્રયાસ કરો. ખાસ લોકો સાથે મુલાકાત લાભદાયક રહેશે.

**મીન:** સંપર્કો દ્વારા વિશેષ માહિતી પ્રાપ્ત થશે, જે ફાયદાકારક સાબિત થશે. નાણાકીય સ્થિતિ સારી રહેશે. પ્રિયજનો સાથે સમય વિતાવવાથી ખુશી મળશે. વિદેશ જતા બાળકો અંગે પણ કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

# ફિલ્મી ગપશપ

### ધુરંધર બોક્સઓફિસ ડે ૧૪ કલેકશન

## રણવીરની ફિલ્મ વૈશ્વિક સ્તરે ૧૫૦૦ કરોડ રૂપિયા તરફ દોડી રહી છે

મુંબઈ,તા.૩

આદિત્ય ધરની ફિલ્મ લ્ધુરંધરઃ ધ રિવેન્જે બે અઠવાડિયાથી ઓછા સમયમાં વૈશ્વિક સ્તરે ૧,૪૩૫ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે. ભારતમાં આ ફિલ્મે અત્યાર સુધીમાં ૯૦૦ કરોડનો આંકડો પાર કરી લીધો છે.

લ્ધુરંધરઃ ધ રિવવેન્જ' વૈશ્વિક સ્તરે ૧,૫૦૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરવા માટે તૈયાર છે. આ ફિલ્મ તેની રિલીઝના ૧૪મા દિવસે પણ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. ટ્રેડ વેબસાઈટ સેકનિલ્ક અનુસાર, ફિલ્મે ૧૩ દિવસમાં વિશ્વભરમાં ૧,૪૩૫.૪૧ કરોડ રૂપિયાનું ગ્રોસ કલેક્શન કરી લીધું છે.

રિપોર્ટમાં જણાવ્યાં અનુસાર, ફિલ્મે તેની રિલીઝના ૧૪મા દિવસે ૧૯.૯૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે. દૈનિક કમાણીમાં થોડો ઘટાડો થયો હોવા છતાં, દિગ્દર્શક આદિત્ય ધરની આ સ્પાય થ્રિલર ફિલ્મ રિલીઝના માત્ર બે અઠવાડિયામાં જ ભારતીય બજારમાં ૯૦૦ કરોડનો આંકડો વટાવવામાં સફળ રહી છે. 'ધુરંધરઃ ધ રિવવેન્જ' એ ભારતમાં તેના રિલીઝના પ્રથમ સપ્તાહમાં ૬૭૪.૧૭ કરોડ રૂપિયા એકઠા કર્યા હતા.

જોકે ચૌદમાં દિવસની કમાણી અગાઉનાં દિવસની ૨૭.૭૫ કરોડ સરખામણીએ થોડી ઓછી છે, તેમ છતાં ફિલ્મનું કુલ ઈન્ડિયા નેટ કલેક્શન હવે ૯૧૯.૮૨ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે, જ્યારે ઘરેલુ ગ્રોસ કમાણી ૧,૧૦૧.૨૪ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

ધુરંધરઃ ધ રિવવેન્જ વિશે

ધુરંધરઃ ધ રિવવેન્જ' હિન્દી, તમિલ, તેલુગુ, મલયાલમ અને કન્નડ ભાષાઓમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં રણવીર સિંહ, અર્જુન રામપાલ, સંજય દત્ત, આર. માધવન, સારા અર્જુન, ઉદયબીર સંધુ, ગૌરવ ગેરા, માનવ ગોહિલ, રાકેશ બેદી, બિનાય ઓબેરોય અને રાજ ઝુત્શી મુખ્ય ભૂમિકામાં છે.

ધુરંધર ૨ - **KGF** ૨ અને પુષ્પા ૨ ને પાછળ છોડવા તૈયાર

છેલ્લા કેટલાક દિવસોમાં, આ ફિલ્મે ઘણી મોટી બ્લોકબસ્ટર ફિલ્મોની લાઈફટાઈમ ઘરેલું કમાણીને પાછળ છોડી દીધી છે. આ ફિલ્મે **KGF:** ચેપ્ટર ૨ ૮૫૯.૭૦ કરોડ, ઈઈઈ ૭૮૨.૨૦ કરોડ, અને કલ્કી ૨૮૯૮ **AD** ૬૪૬ કરોડના ઈન્ડિયા કલેક્શનને વટાવી દીધું છે.

હવે, આ ફિલ્મ 'બાહુબલી ૨ઃ ધ ક્નકલુઝન' ૧,૦૩૦.૪૨ કરોડ અને અલ્લુ અર્જુનની લ્પુષ્પા ૨ઃ ધ રાઈઝ' ૧,૨૩૪.૧૦ કરોડ દ્વારા સ્થાપિત વિશાળ બેન્ચમાર્કની નજીક પહોંચી રહી છે.

**ઉદ્યોગોને રાહત : એલપીજી સપ્લાય શરૂ થતાં ઉત્પાદન ધમધમશે**

# ત્રણ અઠવાડિયા સુધી પુરવઠો નહીં મળતાં ગેસ સિલિન્ડર આધારિત ઉદ્યોગો ઠપ્પ હતા

### શાપરથી ગોંડલ સુધીના ગેસ પાઈપલાઈન નહીં ધરાવતા ઉદ્યોગોને આંશિક સપ્લાય શરૂ થઈ : તુર્તમાં જરૂરિયાત મુજબનો પુરવઠો આપવા બાંહેધરી



(ગરવી તાકાત) ગાંધીનગર તા.૩

ઉદ્યોગ ક્ષેત્રોમાં છેલ્લા ત્રણ અઠવાડિયા દરમિયાન ગેસ સપ્લાયના અભાવે ભારે સંકટ સર્જાયું હતું. ખાસ કરીને ગેસ સિલિન્ડર આધારિત ઉદ્યોગો લગભગ ઠપ્પ થઈ ગયા હતા. હવે એલપીજી સપ્લાય ફરી શરૂ થતાં ઉદ્યોગકારોમાં રાહતનો માહોલ સર્જાયો છે અને ઉત્પાદન ફરી ધમધમતું થવાની આશા છે.

અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા યુદ્ધ જેવા તણાવના કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ઊર્જા પુરવઠા પર અસર પડી હતી, જેના સીધા પ્રભાવ તરીકે સ્થાનિક ઉદ્યોગોને ગેસની અછતનો સામનો કરવો પડ્યો. સરકાર દ્વારા ૩ માર્ચથી કોમર્શિયલ ગેસ પર પ્રતિબંધ મૂકાતા પરિસ્થિતિ વધુ ગંભીર બની હતી.

આ સંજોગોમાં ખાસ કરીને કાસ્ટિંગ, ફોર્જિંગ અને હીટ ટ્રીટમેન્ટ જેવા ગેસ પર આધારિત ઉદ્યોગોને ભારે નુકસાન થયું હતું. આજી GIDC , શાપર-વેરાવળ ઔદ્યોગિક વિસ્તાર અને લોધિકા GIDC વિસ્તારમાં આશરે ૫૦ ટકા જેટલું કામકાજ બંધ થઈ ગયું હતું. ગેસ વિના શક્ય ન હોય તેવા ઉત્પાદન પ્રક્રિયાઓ સંપૂર્ણપણે અટકી ગઈ હતી.

આ સાથે, રાજકોટના અનેક ઉદ્યોગોનો વેપાર ગલ્ફ દેશો સાથે સંકળાયેલો હોવાથી કધટેનર મોકલવામાં પણ મુશ્કેલીઓ ઊભી થઈ છે. ઘણા કધટેનર અધવચ્ચે અટકી પડ્યા છે, જેના કારણે નિકાસ વ્યવસાય પર પણ ગંભીર અસર થઈ છે. હવે ગેસ સપ્લાય ધીમે ધીમે પુનઃસ્થાપિત થવા લાગી છે. શાપરથી ગોંડલ સુધીના, જયાં ગેસ પાઈપલાઈન ઉપલબ્ધ નથી એવા ઉદ્યોગોને આંશિક સપ્લાય શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આગામી ૨ થી ૩ દિવસમાં જરૂરિયાત મુજબ ગેસ પૂરો પાડવામાં આવશે. શાપરથી ગોંડલ વચ્ચે આશરે ૮૦૦ જેટલા ઉદ્યોગો આવેલાં છે, અને તેમને કોટા મુજબ ગેસ સપ્લાય આપવામાં આવશે.

ઉદ્યોગકારોનું કહેવુંછે કે જો પુરવઠો નિયમિત રહે તો આગામી સમયમાં ઉત્પાદન ઝડપથી સામાન્ય થઈ જશે. યુદ્ધ જેવી પરિસ્થિતિઓ શાંત થાય અને ગેસ પુરવઠો સંપૂર્ણપણે પૂર્વવત થાય તો રાજકોટના ઉદ્યોગ ક્ષેત્રને ફરીથી વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# રાજયની ૭ RTO માં ડેમેજ થયેલા ઓટોમેટેડ ટ્રેકથી ડ્રાઈવીંગ 'ટેસ્ટ' લેવાય છે : હેવી ટ્રેક સહિતના મોટા વાહનો માટે કોઈ ટ્રેક નથી

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૩

હાલમાં જ રાજકોટમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે રાજકોટમાં નવી આરટીઓ કચેરી અને નવા એ.આઈ. આધારિત ટેસ્ટ-ટ્રેકને ખુલ્લો મુકયો પણ હાલમાં જ વિધાનસભાના મેજ પર મુકાયેલા લ્રકેગ'ના રિપોર્ટમાં ખાસ ઉલ્લેખ કરાયો છે કે ડ્રાઈવીંગ લાયસન્સ માટે ટેસ્ટ લેવા માટે ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક્સ જે ઈલેકટ્રોનીક સેન્સર ધરાવે છે.ક્ષતિગ્રસ્ત અને ઉપયોગમાં લઈ શકાય તેવા નથી અને રાજયમાં કોઈ ટ્રેક હેવી મોટર વ્હીકલ- અનેક પૈડાવાળા વજનદાર ટ્રકના લાયસન્સ માટે ટેસ્ટ લઈ શકે તે મૌજૂદ જ નથી.



ડ્રાઈવિંગ ટેસ્ટમાં યોગ્ય અને ખરેખર ડ્રાઈવિંગ સ્કીલ ચકાસી શકે તેવા ટ્રેક જરૂરી છે. ઈલેકટ્રોનીક સેન્સર વાળા અને પુર્ણ કોમ્પ્યુટરાઈઝ ટેસ્ટ ટ્રેક એ પ્રથમ આવશ્યકતા છે. રાજયમાં ૨૨ લાઈટ કોમર્શિયલ વ્હીકલ અને ૨૩ ટુ વ્હીલર માટેના ટ્રેક છે.જેમાં અમદાવાદ-સુરત સહિતના સાત ટ્રેક ક્ષતિગ્રસ્ત અને ઉપયોગમાં લઈ શકાય તેવા નથી. ખાસ કરીને લાઈટ કોમર્શિયલ વ્હીકલ માટેના ટેસ્ટ ટ્રેકની આ હાલત છતાં પણ તેનો ઉપયોગ થઈ રહ્યો છે. આ ટ્રેક પર કોઈ સેન્સર નથી જેથી જો વાહન નિશ્ચિત કરેલી બ્રાઉન્ડ્રીને અડી જાય તો પણ તે જાણી શકાતું નથી.

વાસ્તવમાં આ ટ્રેકની જાળવણી માટે કોન્ટ્રાકટ અપાયા છે જેથી ચાર ટીમોની કોઈ જવાબદારી થતી નથી છતાં અહી જે ડયુટી અધિકારી હોય છે તે પોતાની સ્કીલથી અને રેડીયો ફ્રીકવન્સી આઈડેન્ટીફીકેશન અને કેમેરાથી ઓનરશીપ કરીને જે વ્યક્તિ આ પ્રકારે ભુલ કરી બેસે તેને નાપાસ જાહેર કરે છે.

ટ્રેકમાં ફરી આ સીસ્ટમ જ યોગ્ય રીતે કામ કરી રહી છે. અમદાવાદમાં ડ્રાઈવીંગ ટેસ્ટમાં નાપાસ થવાનો દર ટુવ્હીલરમાં ૧૫% અને ફોર વ્હીલરમાં ૫૩% છે. રાજયમાં આઠ આરટીઓ આવે તો આ પ્રકારના આધુનિક ટ્રેકસ નથી તે હજું લ્રઆંકડા'નો ઉપયોગ કરે છે.

જો કે રાજયના ટ્રાન્સપોર્ટ વિભાગના પ્રિન્સીપાલ સેક્રેટરી હારીત શુકલાનું કહેવું છે કે વર્ષના અંત સુધીમાં તમામ આરટીઓમાં એઆઈ આધારીત ટ્રેક આવી જશે. અમદાવાદ-વડોદરામાં કેસ રકઝનાઈઝેશન સીસ્ટમ નથી. રાજકોટ-જામનગર સહિતના આરટીઓમાં આ કિસ્સો ટયુટોરિયલ વિડીયો માટે અલગ હોલ કે રૂમ નથી....

**અદાલતી સુચનાની અવગણના કરતા હવે ૭મીએ રૂબરૂ હાજર થવા આદેશ**

# GPSC ના ચેરમેન અને સેક્રેટરીનો અહંકાર માઉન્ટ એવરેસ્ટ કરતા પણ વધારે : હાઇકોર્ટની લાલ આંખ

અમદાવાદ,તા.૩

ગુજરાત હાઈકોર્ટે જીપીએસસી (GPSC) ના ચેરમેન અને સેક્રેટરીના અહંકારી વલણ સામે લાલ આંખ કરતા માઉન્ટ એવરેસ્ટ કરતા પણ વધારે ગર્વ હોવાની ગંભીર ટકોર કરી છે.

જસ્ટિસ નિર્ઝર એસ. દેસાઈની અદાલતે આ કેસમાં કડક વલણ અપનાવી જીપીએસસીના બંને ઉચ્ચ અધિકારીઓને આગામી ૭ એપ્રિલે કોર્ટમાં રૂબરૂ હાજર થવા ફરમાન જારી કર્યું છે.

આ આદેશ સમયે ગવર્મેન્ટ પ્લીડર અને એડવોકેટ જનરલને પણ હાજર રહેવા તાકીદ કરવામાં આવી છે, કારણ કે કોર્ટ આ કેસને હવે અદાલતી તિરસ્કાર (કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ) હેઠળ મોકલવા પર વિચાર કરી રહી છે.

આ સમગ્ર વિવાદની શરૂઆત



**સત્તાવાળાઓના આ વલણથી નારાજ થઈને જસ્ટિસ દેસાઇએ ભરચક કોર્ટરૂમમાં ઝાટકણી કાઢતા જણાવ્યું કે, અધિકારીઓ પોતાની જાતને અદાલતથી ઉપર સમજી રહ્યા હોય તેવું લાગે છે.**

ગત વર્ષે લેવાયેલી પરીક્ષામાં પૂછાયેલા કેટલાક પ્રશ્નોથી થઈ હતી, જેમાં જીપીએસસીએ દાવો કર્યો હતો કે આ પ્રશ્નો ૧૯૧૫ના કૌટિલ્ય અર્થશાસ્ત્રના પુસ્તકમાંથી લેવામાં આવ્યા છે.

આ આન્સર કીને એક ઉમેદવારે હાઈકોર્ટમાં પડકારી હતી, જેના આધારે કોર્ટે જીપીએસસી પાસે તે પુસ્તકની ઓરિજનલ ફિઝિકલ કોપી રજૂ કરવા અથવા તો ઈન્ટરનેટ પરથી ડાઉનલોડ કરેલી પીડીએફની અધિકૃતતા નક્કી કરવાની નીતિ સ્પષ્ટ કરવા વારંવાર આદેશ આપ્યા હતા.

હાઈકોર્ટે ૧૬, ૨૦ અને ૨૨ માર્ચના રોજ સ્પષ્ટ હુકમો કરીને ખુલાસો માંગ્યો હોવા છતાં, સરકાર અને જીપીએસસી દ્વારા રજૂ કરાયેલા સોગંદનામામાં સવાલોના સીધા જવાબ આપવાનું ટાળવામાં આવ્યું હતું.

સત્તાવાળાઓના આ વલણથી નારાજ થઈને જસ્ટિસ દેસાઈએ ભરચક કોર્ટરૂમમાં ઝાટકણી કાઢતા જણાવ્યું કે, અધિકારીઓ પોતાની જાતને અદાલતથી ઉપર સમજી રહ્યા હોય તેવું લાગે છે.

કોર્ટે એવી માર્મિક ટકોર પણ કરી કે અધિકારીઓના અહંકાર અને જીદને કારણે કેસમાં બિનજરૂરી વિલંબ થઈ રહ્યો છે અને તેઓ જાણીબૂઝીને સમય પસાર કરી રહ્યા છે જેથી રોસ્ટર બદલાઈ જાય.

અદાલતે વધુમાં રોકડું પરખાવતા કહ્યું કે, જીપીએસસીના સત્તાધીશો માત્ર સત્તા ભોગવવામાં જ રસ ધરાવે છે પરંતુ પોતાની જવાબદારી લેવા તૈયાર નથી. એક તરફ તેઓ અદાલત પાસે માનવીય અભિગમની અપેક્ષા રાખે છે, જ્યારે બીજી તરફ ઉમેદવારો પ્રત્યે તેમનો વ્યવહાર અમાનવીય રહ્યો છે.

સરકાર પક્ષ પર પ્રહાર કરતા કોર્ટે નોંધ્યું કે સરકારી તંત્ર પોતાના અધિકારીઓને બચાવવાના પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ જો અધિકારીઓમાં સહેજ પણ નૈતિકતા હોત તો તેમણે કોર્ટના આદેશનું ક્યારનુંય પાલન કરી દીધું હોત. અંતે કોર્ટે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો અધિકારીઓ તેમની ભ્રમણામાં જ રહેશે તો અદાલત તેમને યોગ્ય સ્થાન બતાવી દેતા અચકાશે નહીં.

# એપ્રિલ મહિનો ધગશે નહિં ઠરશે! રાજ્યમાં વેસ્ટર્ન ડીસ્ટર્બન્સના પ્રભાવની હવામાન વિભાગની આગાહી

અમદાવાદ, તા.૩

માર્ચ મહિનાના પ્રારંભિક દિવસોમાં પ્રચંડ હીટવેવનો સામનો કરનાર ગુજરાતમાં ચાલુ મહિનામાં ગરમીમાં ઘણી રાહત રહેશે અને એપ્રિલ 'ઠંડો' બની રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

રીપોર્ટમાં જણાવાયા પ્રમાણે ચાલુ મહિનામાં તાપમાન નોર્મલ અથવા તેનાથી પણ નીચું રહેવાની સંભાવના છે.

કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં આ સ્થિતિ રહેશે. સૌરાષ્ટ્રમાં જો કે, તાપમાન પ્રમાણમાં વધુ રહેશે અને અમુક ભાગોમાં નોર્મલ કરતા ઉંચુ જઇ શકે છે.

બીજી તરફ ન્યુનત્તમ તાપમાન સૌરાષ્ટ્રમાં નોર્મલ કરતાં ઉંચુ રહેવાની સંભાવના છે.

કચ્છમાં પણ સમાન સ્થિતિ સર્જાઇ શકે છે. ગુજરાતના બાકીના ભાગોમાં નોર્મલથી મામૂલી ઉંચુ રહેશે. જો કે, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના અમુક ભાગોમાં હીટવેવ જેવી હાલત ઉભી થઈ શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, માર્ચના પ્રથમ પખવાડિયામાં લગભગ પુરા ગુજરાતમાં પ્રચંડ હીટવેવની સ્થિતિ સર્જાઇ હતી. અમદાવાદ સહિતના અનેક શહેરોમાં તાપમાન ૭ ડીગ્રીથી પણ વધુ વધી ગયું હતું. દસ દિવસમાં તાપમાનમાં ૧૦ ડીગ્રી જેટલી ઉથલપાથલ થઇ હતી પરિણામે મીશ્ર હવામાનનું ચિત્ર સર્જાયું હતું.

હવામાન વિભાગના સૂત્રોએ કહ્યું કે ગુજરાત પર હાલ વેસ્ટર્ન ડીસ્ટર્બન્સનો પ્રભાવ છે અને તેને કારણે સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાતના અમુક ભાગોમાં માવઠા પડી રહ્યા છે. વાતાવરણ પણ વાદળછાયુ બન્યું છે.

# વિશ્વાસ અને સહનશક્તિ આ બે વસ્તુ બધા સંબંધમાં જરૂરી છે, વિશ્વાસથી સંબંધ બંધાય છે, અને સહનશક્તિથી સંબંધ જળવાય છે



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા

આજે આપણે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો પિતાના અંતિમ સંસ્કારમાંથી પાછા ફરતા સિદ્ધાર્થની આંખોમાંથી અવિરત આંસુ વહેતા રહ્યા.તે કદાચ પાછા ફરતા લોકોની આગળ ચાલ્યો હશે,પણ તેનુંમન પણ એટલું જ ઝડપથી દોડી રહ્યું હતું.તેના સાથીઓએ તેના ખભા પર હાથ રાખીને સાંત્વના આપી, પણ તે જાણતો હતોકે આઆંસુ ખરેખર પસ્તાવાના આંસુ છે.તેને સતત પસ્તાવો થતો હતો કે તેણે તેના પિતાની સલાહ કેમ ન માની તેણે હંમેશા જે ટાળવાનું કહ્યું હતું તે તેણે શા માટે કર્યું?બેચેન મન સાથે,તે કોઈક રીતે થાકેલા પગલાઓ સાથે ઘરે પહોંચ્યો,પરંતુ હવે કોઈ તેની સાથે વાત કરતું ન હતું.કોઈ તેને પ્રેમ અને નિઃસ્વાર્થ તાથી સાંત્વના આપતું ન હતું.તે એકાંતમાં ગયો અને ફરીથી રડી પડ્યો.તેનેલાગ્યું કે કદાચ તેના આંતરજ્ઞાતિય લગ્ન તેના પિતાના મૃત્યુનું કારણ બન્યું હશે.ગયા મહિને જ,તેણે તેના પિતાનેજાણ કર્યા વિના પોતાની સ્વતંત્ર ઈચ્છા ના મંદિરમાં લગ્ન કર્યા હતા.તેણે એક વાર પણ પાછળ ફરીને પિતાના આશીર્વાદ લેવાનું યોગ્ય માન્યું ન હતું અને શહેર છોડી દીધું હતું.તેના વિના તેના માતાપિતા કેવા હશે તે વિશે વિચાર્યા વિના?તે કેવો ભય હતો, પિતા અને પુત્ર વચ્ચે કેવો સંદેશા વ્યવહારનું અંતર રહેલું હતું?જેણે તેને તેના પિતાનો સામનો પણ ન કરવા દીધો.કાશ તેણે તેના પિતાને તેના હૃદયની વાત કહી હોત.પિતા તેને ખૂબ પ્રેમ કરતા હતા.અને માતા?તેણેમાતા ને કહેવું જોઈતું હતું. કદાચ ના.. ના.પિતાએ ચોક્કસપણે તેનાલગ્ન મનોરમા સાથે કરાવ્યા હોત. તે જાતિવાદમાં માનતો ન હતો.શું તે તેના એક માત્ર પુત્રની વાત પણ નહીં સાંભળે?તેણે કર્યું હોત.તેણે ભૂલ કરી હતી,અને તેને આટલી કડક સજા મળી છે.હવે જો તે માફી માંગવા માંગતો હોય તો પણ તે કોને પૂછી શકે છે?શું સમય ક્યારેય પાછો ફેરવીશકાય છે?બસ,મનોરમાના કરુણ અવાજે સિદ્ધાર્થની ધ્યાનવસ્થાને તોડી નાખી.તે કહી રહી હતી, ×સિદ્ધાર્થ,તમારી જાતને તૈયાર રાખો.હવે,માતાને જુઓ.તે રડવા થી ખરાબ હાલત માં છે. તે વારં વાર બેહોશ થઈ રહી છે. મેં ડૉક્ટર અંકલને ફોન કર્યો છે. તે ટૂંક સમયમાં ત્યાં આવશે. હવે, ચાલો.તમે ક્યાં સુધી માતાનો સામનો કરવાનું ટાળશો? માતા એ અમને માફ કરી દીધા છે. તેણીએ મને ભેટી પડી છે,મને 'દીકરી' કહીને બોલાવી છે. હવેથી, હું તેનું ધ્યાન રાખીશ.×તું





ચિંતા ના કર અને તારી માતા પાસે જા. મનોરમાના શબ્દોથી સિદ્ધાર્થ થોડો શાંત થયો. તે પોતાની જાતને શાંત કરીને તેની માતાના રૂમમાં ગયો, તેને ગળે લગાવીને રડ્યો. ત્રીજા દિવસે, જ્યારે સિદ્ધાર્થે તેના પિતાનો કપડા ખોલ્યો, ત્યારે તેને એક પત્ર મળ્યો.તેમાં લખ્યું હતું,×પ્રિય પુત્ર, સિદ્ધાર્થ.×ધ્રૂજતા હાથે સિદ્ધાર્થે પત્ર ખોલ્યો.તેમાં લખ્યું હતું, ×સિદ્ધાર્થ.તું ક્યારે એટલો મોટો થયો કે તું તારા જીવનના નિર્ણયો જાતે લઈ શકે?તેં મને કહ્યું પણ નહીં.તારે મને કે તારી માતાને એક વાર કહેવું જોઈતું હતું.અમે તારા લગ્ન આટલા ધામ ધૂમથી ઉજવ્યા હોત.મેં નાનપણ થી અત્યાર સુધી તારી ખુશી જોઈ છે,હું જાણું છું કે તું હઠીલો છે,પણ મને ખબરનહોતી કે તું મારાથી આટલો ડરે છે.મને ખબર નથી કે તું મારા ડરને કારણે કે બીજા કોઈ કારણસર મને કહ્યા વિના લગ્ન કર્યા છે. જો દરેક દીકરો આવું કરે,તો માતા- પિતા પોતાના બાળકો પરથી વિશ્વાસ ગુમાવી દેશે. સારું,જે કંઈ થયું,જ્યારે પણ તું ઘરેપાછો ફરે,ત્યારે આ વિશ્વાસ સાથે પાછો ફરે કે આ ઘર તારું છે, અમે તારા છીએ.×છેલ્લે,તેમાં લખ્યું હતું,×હું ઈચ્છું છું કે તું હું અહીં હોઉં ત્યાં સુધી પાછો ફરે. તું અને તારી માતાને ખબર નથી કે મને બ્લડ કેન્સર છે.જો હું તું પાછો ફરે તે પહેલાં આ દુનિયા છોડી દઉં,તો એ બોજ સાથે ન જીવીશ કે હું તારા વર્તનના કારણે મરી ગયો છું.તારી વહુને મારા આશીર્વાદ × મને ખાતરી છે કે તું તારી માતાનું ધ્યાન રાખીશ. તારા પિતા...

સંસારની કોઈ વસ્તુ બગડે કે નાશ થાય તો બીજી વસ્તુ મળશે પણ મન બગડી જાય તો બજાર માં બીજું મન મળશે નહીં.

વિષયોમાં જવાથી મન મરતુંનથી પરંતુ આ જ મન ઈશ્વરનું ચિંતન કરે,ધ્યાન કરે તો તે ઈશ્વરનેપ્રાપ્ત કરી શકે છે.ઈશ્વરની સાથે એક થઈ જાય ત્યારે મન મરે છે.કોઈ ના ગુરુ થવાની ઈચ્છા ન રાખશો તમારે ગુરુ થવું હોય તો તમારા મનના ગુરુ થાવ. તમારા મનને જ ઉપદેશ આપો અને એને તમારો પાકો ચેલો બનાવો. એને ફરી ફરી કહો,બચ્ચા,મન ભક્તિમાર્ગે ચાલે તો તને પ્રભુ મળશે. સંસારમાં જે નિંઘ છે તે છોડ અને જે વંઘ છે તેનું સેવન કર. પછી જો જો ચમત્કાર!આ લાડુમાં ઝેર છે એમ કોઈ કહે તો તે લાડુ તમે ખાશો નહીં. તેમ મનને સમજાવો કે આ સંસારના વિષયોમાં ઝેર છે,તું ખાઈશ નહીં ખાઈશ તો તું દુઃખી થઈશ.આમ બીજાના ગુરુ થવાનો મોહ છોડી નિજ મનના ગુરુ બનો. પોતાના ગુરુ થવું એનો અર્થ સર્વના શિષ્ય થવું. દત્તાત્રેયની પેઠે સર્વને ગુરુભાવથી જોતાં થાઓ તો ક્યાંય બંધન નહીં દેખાય.

મન સંસારના વિષયોનું ચિંતન કરે છે અને સંસારમાં ફસાય છે. તે સંસારના વિષયોનું ચિંતન છોડી દે તો મુક્તિ છે. નિદ્રામાં મન નિર્વિષય બને છે.એટલે નિદ્રા માં આનંદનો અનુભવ થાય છે. નિદ્રા અને સમાધિમાં તફાવત છે, પરંતુ સામ્ય પણ ઘણું છે.સમાધિ માં સર્વ વિષયોમાંથી મન હઠી જાય છે,ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે. તેમ નિદ્રામાં પણ મન સંસારના સર્વ વિષયોમાંથી હટી જાય છે તેથી નિદ્રામાંઆનંદ આવે છે,પરંતુ મન નિદ્રામાંસંપૂર્ણ નિર્વિષય થઈ જતું નથી.જો તે મન પૂર્ણ નિર્વિષય થઈ જાય તો તેને સમાધિ કહે છે.નિંદ્રાનું સુખ તામસી સુખ છે.નિદ્રામાં હુંપણું અહમ્ બાકી રહી જાય છે. અહંભાવનો લય થતો નથી, ત્યારે સમાધિમાં અહંભાવનો પણ લય થાય છે અને હુંપણું રહેતું નથી.

યોગીઓ આત્મસ્વરૂપમાં મનનો લય કરે છે. મનને કોઈ વિષય ન આપો એટલે તે આત્મસ્વરૂપમાં મળી જાય છે.મન આત્મસ્વરૂપ માં લય થાય એટલે મુક્તિ મળેછે

વિષયોના ચિંતનથી મન જીવે છે અને વિષયોનો ત્યાગ કરવાથી મન મરી જાય છે.સંસારના વિષયોમાંથી મન હટી જાય એટલે મન શાંત બને છે. દીવામાંનું તેલ જ્યારે ખૂટી જાય છે ત્યારે દીવો શાંત થાય છે. તેમ મનમાં સંસાર ન રહે ત્યારે મન શાંત થાય છે.મનને કોઈ આધાર જોઈએ.મનને પ્રતિકૂળવિષયોમાં થી અનુકૂળ વિષયોમાં લઈ જાવ એ જ મન તમને મુક્તિનો આનંદ આપનારું બનશે.

નિદ્રામાં સર્વનો વિનાશ થાય છે, પણ અહંકારનો વિનાશ થતો નથી. નિદ્રામાં અહંભાવ ભૂલાતો નથી,સમાધિમાં અહંભાવભૂલાય છે.સમાધિમાં નામ અને રૂપ ભૂલાય છે.સમાધિના બે પ્રકાર છેઃજડ સમાધિ અનેચેતન સમાધિ.યોગી મનનેબળાત્કારથી વશ કરી પ્રાણના બ્રહ્મરંધ્રમાં સ્થાપન કરેછે.એ જડ સમાધિછે પરંતુ મન ઉપર બળાત્કાર કર્યા વગર પ્રેમથી સમજાવીને તેને વિષયોમાં થી હટાવી લેવુંએ ચેતન સમાધિ છે

વિશ્વામિત્રની સમાધિ જડ હતી. સાઠ હજાર વર્ષ તપ કર્યું, છતાં મેનકાને જોઈને તેમનું મન લલચાયું હતું. બળાત્કારે રાખેલું મન ક્યાં સુધી કાબૂમાં રહે?માટે સમાધિ સહજ હોવી જોઈએ. એવી સહજ સમાધિ શ્રીકૃષ્ણ લીલામાં છે.

વાચક ચાહક મિત્રો,આપણી સંસ્કૃતિ આ જ કહે છે સંબંધો વાતચીત અને આદરથી મજબૂત બને છે, મૌન અને અહંકારથી નહીં. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ હિંમતનગરના નવાનગર ખાતેના પ્રાકૃતિક ફાર્મ અને સોમ સરોવરની મુલાકાત લીધી

# પશુપાલન ક્ષેત્રે 'બ્રીડ ઈમ્પ્રૂવમેન્ટ' દ્વારા ગુણવત્તાયુક્ત પશુધન તૈયાર કરવા માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનું આહવાન

**જનભાગીદારીથી નિર્મિત 'સોમ સરોવર' અને સૂક્ષ્મ પિયત પદ્ધતિના મોડેલની રાજ્યપાલએ કરી પ્રશંસા**

**સ્વસ્થ સમાજ અને જમીનની ફળદ્રુપતા માટે પ્રાકૃતિક કૃષિ સમયની માંગ: રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી**







(ગરવી તાકાત) હિંમતનગર તા.૩

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના નવાનગર ગામની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતની સોમણી ગૌશાળાનું નિરીક્ષણ કર્યું હતું તેમજ ગ્રામજનો સાથે સંવાદ કરી પ્રાકૃતિક કૃષિ અપનાવવા આહવાન કર્યું હતું.

રાજ્યપાલશ્રીએ નવાનગર સ્થિત 'સોમણી ગૌશાળા'ની મુલાકાત લઈ ગૌ-પૂજન કર્યું હતું. આ તબક્કે તેમણે ગૌશાળામાં રહેલી ૩૧૦ જેટલી દેશી ગાયોના આરોગ્ય અને દૂધ ઉત્પાદન ક્ષમતા અંગે પશુપાલન અધિકારીશ્રીઓ સાથે તકનીકી ચર્ચા કરી હતી. રાજ્યપાલશ્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, પશુપાલનને વધુ નફાકારક બનાવવા માટે દેશી ગાયોમાં 'બ્રીડ ઈમ્પ્રૂવમેન્ટ' (નસલ સુધારણા) પર ધ્યાન આપવું જરૂરી છે. તેમણે પશુપાલકોને પરંપરાગત પદ્ધતિમાં જરૂરી સુધારા કરી ઉચ્ચ ગુણવત્તાયુક્ત બ્રીડ તૈયાર કરવા સૂચન કર્યું હતું.

નવાનગરના ગ્રામજનો દ્વારા જનભાગીદારીથી તૈયાર કરવામાં આવેલા 'સોમ સરોવર'ની મુલાકાત લેતા રાજ્યપાલશ્રી પ્રભાવિત થયા હતા.

આ સરોવર થકી સમગ્ર ગામની ખેતીલાયક જમીનને ડ્રીપ ઈરિગેશન (ટપક પિયત પદ્ધતિ) સાથે જોડીને પાણીનો જે કરકસરભર્યો ઉપયોગ કરવામાં આવે છે, તેને રાજ્યપાલશ્રીએ જળ વ્યવસ્થાપનનું ઉત્તમ ઉદાહરણ ગણાવ્યું હતું.

સ્થાનિક ખેડૂતો સાથેના સંવાદમાં રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક કૃષિના ફાયદા સમજાવતા કહ્યું હતું કે, રાસાયણિક ખેતીના વિકલ્પ તરીકે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવી એ આજના સમયની માંગ છે. તેમણે ખેડૂતોને પ્રાયોગિક ધોરણે ખેતરના એક નાના ભાગમાં પ્રાકૃતિક ખેતી શરૂ કરવા પ્રોત્સાહિત કર્યા હતા, જેથી જમીનનું સ્વાસ્થ્ય જળવાય અને લોકોને શુદ્ધ આહાર મળી રહે.

આ મુલાકાત દરમિયાન જિલ્લા કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરા, જિલ્લા પોલીસવડા ડૉ. પાર્થરાજ સિંહ ગોહિલ, પ્રાંત અધિકારીશ્રી સહિત વિવિધ વિભાગના અમલીકરણ અધિકારીશ્રીઓ અને પ્રગતિશીલ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### ઈડરમાં હનુમાનદાદાના જન્મોત્સવની આતશબાજી તેમજ સમૂહ આરતી સાથે ઉજવણી કરવામાં આવી



(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક, ઈડર)

(ગરવી તાકાત) ઈડર તા.૨

૨ એપ્રિલ ને ગુરુવાર ના રોજ હનુમાનજી ના જન્મોત્સવ નિમિત્તે ઈડર શહેર માં આ વર્ષ પણ શોભાયાત્રા નીકળી હતી.

યજમાન પંકજભાઈ એમ પ્રજાપતિ ના ઘરે થી ડીજે સાઉન્ડ સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જે બસ સ્ટેશન સામે આવેલ રામજી મંદિરમાં આવી હતી અને કાર્યક્રમ ની શરૂઆત હનુમાનદાદા ના ફોટા આગળ દીપ પ્રાગટ્ય કરી ધૂન, સંતો નું સમ્માન યજમાન પરિવારનું સમ્માન, અંજની સુંદરકાંડ પરિવાર નું સમ્માન કર્યા બાદ નાના બાળકો દ્વારા રામ,લક્ષ્મણ અને જાનકીના રૂપે એન્ટ્રી થઈ હતી ત્યારબાદ તિરુપતિ એશિયન બંગલોઝ ની બહેનો દ્વારા રામાયણ ની થીમ પર સાંસ્કૃતિક નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું અને બાદ સંગીતમય સુંદરકાંડ પાઠ વ્યાસપીઠ ના આચાર્ય કમલેશભાઈ દરજી ના કંઠેથી સંગીતમય સુમધુર સુંદરકાંડનું પઠણ કરવામાં આવ્યું હતું આ સુંદરકાંડપાઠ ના ૩૫ મા દોહા ( ચોપાઈ)બાદ અંજની સુંદરકાંડ પરિવાર ના તમામ સભ્યો પિસ્તા કલર ના ઝભ્ભા લેગા સાથે હાથમાં વિજય પતાકા લહેરાવી રામજી કી સેના ચલી ના ગીત ઉપર રામજી મંદિર ના ગ્રાઉન્ડ મા સુંદર પાઠ ભજવ્યો હતો ક આ સુંદરકાંડ પાઠ પૂર્ણ થયા બાદ રામ ધૂન ઉપર ભવ્ય આતશબાજી સાથે હનુમાનદાદા ના જન્મોત્સવ ની ઉજવણી કરવામાં આવી અને કોઈ પણ જાતની અપેક્ષા રાખ્યા વિના સેવાકીય કાર્ય કરતા સર્પમિત્ર પ્રદીપભાઈ પટેલ અને રિંકુભાઈ રામી (જીવદયા ટીમ ઈડર ગઢ) નું વિશેષ સમ્માન કરવામાં આવ્યું અને છેલ્લે હનુમાનચાલીસા બાદ ૧૨૦૦થી વધુ ભક્તજનો દ્વાર દિવ્ય સમૂહ આરતી ઉતારવામાં આવી હતી.

### ૧૭ વર્ષ દેશસેવા બાદ વતન વાપસી—દેશભક્તિના નારાઓથી ગુંજી ઉઠ્યું ગામ

# દેશસેવી જવાનનું વતનમાં ભવ્ય સ્વાગત : ચીમનગઢ ગામે નિવૃત્ત આર્મી જવાન ભરતભાઈ ચૌધરીનું ગૌરવપૂર્ણ સન્માન



(ગરવી તાકત) કાંકરેજ તા.૩

કાંકરેજ તાલુકાના ચીમનગઢ ગામના ભરતભાઈ ઈશ્વરભાઈ ચૌધરી ઈન્ડિયન આર્મીમાં ૧૭ વર્ષ સુધી દેશસેવામાં ગૌરવપૂર્ણ ફરજ બજાવી નિવૃત્ત થતા પોતાના વતન પરત ફરતા ગ્રામજનો દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભરતભાઈ ચૌધરીએ દેશની સરહદો પર રહીને વિવિધ રાજ્યોમાં રાત-દિવસ ખડેપગે રહી માતૃભૂમિની રક્ષા કરી છે. તેમની નિષ્ઠાપૂર્વકની સેવાએ ગામ તથા પરિવારનું ગૌરવ વધાર્યું છે.

વતનમાં આગમન સમયે સમગ્ર ચીમનગઢ ગામ દેશભક્તિના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. "જય જવાન, જય હિંદ" અને "ભારત માતા કી જય" જેવા નારાઓ સાથે ગ્રામજનોએ ઉમંગભેર સ્વાગત કર્યું હતું.

પોતાના ગામે પહોંચ્યા બાદ ભરતભાઈ ચૌધરીએ પ્રથમ મંદિર જઈ દેવી-દેવતાઓના દર્શન કરી આરતી ઉતારી આશીર્વાદ લીધા હતા.

આ પ્રસંગે તેમના સન્માન માટે ગામના લોકો ઉપરાંત આસપાસના ગામોના ગ્રામજનો અને મહેમાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સૌએ મળીને ભરતભાઈ ચૌધરીને અભિનંદન પાઠવી તેમની દેશસેવાને બિરદાવી હતી.

### નાની ઉંમરે મોટી સિદ્ધિ : કાર્તિક મોટવાણીનો સંસ્કૃત શ્લોક પઠનમાં નેશનલ રેકોર્ડ

# માત્ર ૩.૫ વર્ષની ઉંમરે ૩ મિનિટમાં ૭ શ્લોકોનું સ્પષ્ટ પઠન-અદ્‌ભૂત પ્રતિભા સામે સૌ ચકિત

(ગરવી તાકાત) ઈડર તા.૩

યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતા નાનકડા વિદ્યાર્થી કાર્તિક મોટવાણીએ ખૂબ નાની ઉંમરે અનોખી અને ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે.

માત્ર ૩.૫ વર્ષની ઉંમરે કાર્તિકે પોતાની અદ્ભુત યાદશક્તિ અને સંસ્કૃત શ્લોકોના સ્પષ્ટ પઠન દ્વારા સૌને આશ્ચર્યચકિત કરી દીધા છે.

કાર્તિકે માત્ર ૩ મિનિટની અંદર ૭ સંસ્કૃત શ્લોકોનું સ્પષ્ટ ઉચ્ચારણ, આત્મવિશ્વાસ અને સુંદર લય સાથે પઠન કરીને પોતાની વિશેષ પ્રતિભાનો પરિચય



આપ્યો હતો. તેની આ અનોખી સિદ્ધિને માન્યતા આપતાં રાષ્ટ્રીય સ્તરે તેનું નામ સત્તાવાર રીતે નેશનલ રેકોર્ડ તરીકે નોંધવામાં આવ્યું છે.

કાર્તિકની આ સિદ્ધિ તેની ઉત્તમ એકાગ્રતા, તેજસ્વી યાદશક્તિ અને નાની ઉંમરે આધ્યાત્મિક અભ્યાસ પ્રત્યેના રસને ઉજાગર કરે છે.

યુનિક-યુ ઈન્ટરનેશનલ સ્કૂલમાં પ્રાથમિક કક્ષાથી જ વિદ્યાર્થીઓને ભગવદ્ગીતાના સંસ્કૃત શ્લોકોનું પઠન કરાવવામાં આવે છે. શાળામાં વિદ્યાર્થીઓના ચારિત્ર્ય નિર્માણ અને સર્વાંગી વિકાસ માટે વિવિધ શૈક્ષણિક તેમજ સંસ્કારાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.

**આ અનોખી સિદ્ધિને માન્યતા આપતાં રાષ્ટ્રીય સ્તરે તેનું નામ સત્તાવાર રીતે નેશનલ રેકોર્ડ તરીકે નોંધવામાં આવ્યું છે**

### ઇડર ના બડોલી ખાતે હનુમાન જયંતિ નિમિત્તે સંકટ મોચન હનુમાનજી મંદિરે હોમ-હવનનું આયોજન



(ગરવી તાકાત) ઈડર તા.૨

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના બડોલી બસ સ્ટેન્ડ પર આવેલ સંકટ મોચન હનુમાનજી મંદિર ખાતે હનુમાન જયંતિ નિમિત્તે ધાર્મિક ઉજવણી કરવામાં આવી હતી સાથે ભવ્ય હોમ-હવનનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સાંજે આશરે ૪:૦૦ વાગ્યે પૂજા વિધિનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ યજ્ઞવિધિમાં કાનપુર નિવાસી આચાર્ય કપિલભાઈ જોષી તથા નિકુળભાઈ જોષી દ્વારા વિધિવત મંત્રોચ્ચાર સાથે હવન કરવામાં આવ્યો હતો. યજમાન તરીકે વેદાંત હિતેશભાઈ નાયક અને ભવ્ય સંજયકુમાર નાયક હાજર રહ્યા હતા.કાર્યક્રમનું સમગ્ર આયોજન મંદિરના પૂજારી શૈલેશગીરી ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું. હનુમાન જન્મોત્સવના અવસરે મંદિરને આકર્ષક લાઈટિંગ અને સજાવટથી શોભિત કરવામાં આવ્યું હતું, જે દર્શનાર્થીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.આ પ્રસંગે મોટી સંખ્યામાં હનુમાન ભક્તોએ ઉપસ્થિત રહી સંકટ મોચન હનુમાનજીના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા અને આધ્યાત્મિક આનંદનો અનુભવ કર્યો હતો.

### બનાસકાંઠા જિલ્લામાં ભાજપની સેન્સ પ્રક્રિયા શરૂ

# બનાસ કમલમ કાર્યાલય પર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે ઉમેદવારોનો ધસારો



(ગરવી તાકાત) પાલનપુર તા.૩

બનાસકાંઠા જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની જાહેરાત બાદ રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. આ ચૂંટણીઓ માટે ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. પાલનપુરના ચડોતર સ્થિત બનાસ કમલમ કાર્યાલય ખાતે મોટી સંખ્યામાં ઈચ્છુક ઉમેદવારો ઉમટી પડ્યા હતા.

રાજ્યભરમાં આગામી ૨૬ એપ્રિલે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાવાની છે, જેમાં બનાસકાંઠા જિલ્લાનો પણ સમાવેશ થાય છે. જિલ્લામાં જિલ્લા પંચાયતની ૪૮ બેઠકો, ૧૦ તાલુકા પંચાયત અને ૩ નગરપાલિકાઓ માટે મતદાન થશે.

ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશમાંથી આવેલા નિરીક્ષકો દ્વારા ઈચ્છુક ઉમેદવારોના સેન્સ લેવામાં આવ્યા. ચૂંટણી લડવા માંગતા ઉમેદવારોનો ભારે ધસારો જોવા મળ્યો હતો. નિરીક્ષકોએ ઉમેદવારોના ફોર્મ સ્વીકારી તેમની રજૂઆતો સાંભળી હતી.આ તમામ વિગતો પ્રદેશ ભાજપના પાર્લામેન્ટરી બોર્ડને સુપ્રત કરવામાં આવશે. ત્યારબાદ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા ઉમેદવારોની અંતિમ પસંદગી કરવામાં આવશે.

ભાજપની આ સેન્સ પ્રક્રિયાને કારણે જિલ્લાના રાજકીય માહોલમાં વધુ ગરમાવો આવ્યો છે. હવે ભાજપ કોને ટિકિટ આપે છે તેના પર સૌની નજર રહેશે.

### આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંદર્ભે નિવાસી અધિક કલેક્ટરના અધ્યક્ષસ્થાને ઈ-છઈનો તાલીમ વર્ગ યોજાયો

# ચૂંટણી પ્રક્રિયામાં વહીવટી ક્ષતિ ન રહી જાય તે માટે મહેસાણા જિલ્લા વહીવટી તંત્ર સજ્જ : ચૂંટણી અધિકારીઓને અપાયું ગહન માર્ગદર્શન

(ગરવી તાકાત) મહેસાણા તા.૩

આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય અને પેટા ચૂંટણીઓ સુચારુ રીતે સંપન્ન થાય તે હેતુથી આજે મહેસાણા કલેક્ટર કચેરી ખાતે એક વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અધિક જિલ્લા ચૂંટણી અધિકારી (સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ) અને નિવાસી અધિક કલેક્ટર શ્રી જશવંત કે. જેગોડાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ તાલીમ વર્ગમાં જિલ્લાના વિવિધ મતદાન મંડળોના ચૂંટણી અધિકારીઓ (ઈ), મદદનીશ ચૂંટણી અધિકારીઓ (છઈ) અને નોડલ અધિકારીઓને ચૂંટણીલક્ષી વહીવટી પ્રક્રિયાનું ગહન માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

અધ્યક્ષસ્થાનેથી માર્ગદર્શન આપતા શ્રી જશવંત કે. જેગોડાએ જણાવ્યું હતું કે, રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સોંપવામાં આવેલી આ મહત્વની જવાબદારીઓને તમામ



**અધ્યક્ષસ્થાનેથી માર્ગદર્શન આપતા જશવંત કે. જેગોડાએ જણાવ્યું હતું કે, રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સોંપવામાં આવેલી આ મહત્વની જવાબદારીઓને તમામ અધિકારીઓએ અત્યંત ગંભીરતા અને નિષ્ઠાપૂર્વક નિભાવવાની રહેશે.**

અધિકારીઓએ અત્યંત ગંભીરતા અને નિષ્ઠાપૂર્વક નિભાવવાની રહેશે. તેમણે ખાસ ભાર મૂક્યો હતો કે ચૂંટણી પ્રક્રિયામાં કોઈ પણ પ્રકારની વહીવટી ક્ષતિ ન રહી જાય અને સમગ્ર પ્રક્રિયા પારદર્શક રીતે પૂર્ણ થાય તે માટે અત્યારથી જ સજ્જ થવું અનિવાર્ય છે.

આ તાલીમમાં માસ્ટર ટ્રેનર તરીકે વિસનગર પ્રાંત અધિકારી શ્રી વિકાસ રાતડા અને જમીન સુધારણા નાયબ કલેક્ટર શ્રી દેવાંગ રાઠોડ દ્વારા અધિકારીઓને તેમના કાર્યક્ષેત્ર અને કાયદાકીય જોગવાઈઓ વિશે ઝીણવટભરી માહિતી આપવામાં આવી હતી.

તાલીમ દરમિયાન ઉપસ્થિત RO અને ARO દ્વારા રજૂ કરવામાં આવેલા વિવિધ તકનીકી અને વહીવટી પ્રશ્નોના જવાબો આપી તેમની મુંઝવણોનું સ્થળ પર જ નિરાકરણ લાવવામાં આવ્યું હતું.

આ તાલીમ સત્રમાં જિલ્લા અને તાલુકા પંચાયતના અધિકારીઓ, મહાનગરપાલિકા તથા નગરપાલિકાની ચૂંટણી કામગીરી સાથે જોડાયેલા અધિકારીઓને તાલીમબદ્ધ કરવામાં આવ્યા હતા. ચૂંટણીના સફળ સંચાલન માટે તમામ નોડલ અધિકારીઓને પરસ્પર સંકલન જાળવવા અને આદર્શ આચારસંહિતાના ચુસ્ત પાલન સાથે કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી.

આ તાલીમમાં ચૂંટણી અધિકારીઓ, મદદનીશ ચૂંટણી અધિકારીઓ તેમજ વહીવટી તંત્રના સંબંધિત વિભાગોના નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ઇડર બડોલી રોડ ઉપર આવેલ શની મહારાજ ધામમાં હનુમાન જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવાયો

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકાના બડોલી ગામે આવેલા શ્રી શનિ મહારાજ ધામ ખાતે શ્રી હનુમાનદાદા જન્મોત્સવ નિમિત્તે ભવ્ય મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. સંવત ૨૦૮૨ના ચૈત્ર સુદ-૧૫ (પૂર્ણિમા),



ગુરુવાર, તારીખ ૨ એપ્રિલ ના રોજ આ ધાર્મિક કાર્યક્રમ શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ઉજવાયો હતો, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ હાજરી આપી હતી.કાર્યક્રમ દરમિયાન બપોરે યજ્ઞવિધિનો પ્રારંભ થયો હતો. આચાર્ય દિલીપભાઈ જોશી (દેશોતર) દ્વારા વિધિવત મંત્રોચ્ચાર સાથે યજ્ઞ સંપન્ન કરાવવામાં આવ્યો હતો. યજ્ઞના યજમાન તરીકે સિદ્ધકુમાર જીતેન્દ્રભાઈ ચૌધરી (ચોરીવાડ) રહ્યા હતા.યજ્ઞ પૂર્ણાહુતિ બાદ સાંજે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત ભક્તોએ પ્રસાદનો લાભ લીધો હતો. સમગ્ર વિધિ ધાર્મિક રીતિ-રિવાજ મુજબ ભવ્ય રીતે સંપન્ન થઈ હતી.

આ સમગ્ર આયોજન શ્રી શનિ મહારાજ ધામ, બડોલી, સમસ્ત ગ્રામજનો અને આસપાસના ગામોના ભક્તજનોના સહયોગથી સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું. મંદિરના પૂજારી જીતુભાઈ નાયકના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું સુચારુ આયોજન થયું હતું, જેમાં દાતાશ્રીઓએ ઉદાર સહયોગ આપ્યો હતો.

આ વર્ષે હનુમાન જયંતિની ભવ્ય ઉજવણીનું ૧૦મું વર્ષ પૂર્ણ થયું હતું, જેના કારણે વિશેષ ઉત્સાહ અને ભક્તિભાવ સાથે કાર્યક્રમ ઉજવાયો. સમગ્ર વિસ્તાર ભક્તિમય માહોલમાં રંગાઈ ગયો હતો અને ભક્તોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધાર્મિક લાભ મેળવ્યો હતો.

Volume : 11 Issue : 347 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002